અરવલ્લી જિલ્લામાં આગામી માસને 'પોષણ માસ' તરીકે ઉજવાશે

કલેકટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ

બાયડ તા.૨

જેમાં દરેક અઠવાડિયાની થીમ મુજબ પોષણ વાટીકા નું નિર્માણ, સગર્ભા બહેનો અને યુવતીઓ માટે યોગ, આંગણવાડી અને શાળાઓમાં ન્યુટ્રી ગાર્ડન નું નિર્માણ, અતિ કુપોષિત બાળકોને યોગ્ય પોષણ જેવા વિષય પર રચનાત્મક કામગીરી માટેનું આયોજન કરવામાં આવ્યું. સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ, બાળકોને સ્થાનિક પોષણક્ષમ આહાર અંગેની જાગૃતિ આપવાનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં જીલ્લા કલેક્ટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ, કુપોષણ વિરુદ્ધ સતત કામગીરી કરવાનું સૂચન તથા જરૂરી માર્ગદર્શન આપ્યું.

જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટીયાએ એનિમિયાને અટકાવવા અને નાબૂદ કરવા માટે સાચું સ્ક્રીનીંગ અને પગલાં લેવા માટેનું સૂચનો કર્યા. આ બેઠકમાં આઇ. સી. ડી. એસ.અધિકારીશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેતીવાડી અધિકારીશ્રી, રમત ગમત અને યુવા અધિકારીશ્રી, બાળ સુરક્ષા અધિકારીશ્રી, આયુષ અધિકારીશ્રી, અધિક મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મલાસામાં કેબલ ચોરોનો તરખાટ : રૂ.૨.૧૪ લાખના કેબલ ચોર્યા

કેબલ ચોર ટોળકી ફરીથી સક્રીય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

ભિલોડા તાલુકાના મલાસા ગામની સીમમાં કેબલ ચોરો તરખાટ મચાવી રૂા.૨,૧૪,૫૦૦ની કિંમતનું એલ્યુમીનીયમ કેબલ ચોરી પલાયન થઈ જતાં વિજ તંત્રને ઝટકો લાગ્યો છે. બનાવ અંગે ભિલોડા પોલીસે કેબલ ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પંથકમાં ફરીથી કેબલ ચોર ટોળકી ફરીથી સક્રીય થતાં વિજ તંત્રની સાથે ખેડૂતોના બોરકૂવા ઉપરથી કેબલ ચોરીના બનાવ વધ્યા છે.

જિલ્લામાં વાહન ચોર ટોળકી પછી કેબલ ચોર ટોળકીનો પડકાર ઉભો થયો છે. પોલીસ વાહન ચોરીના બનાવ ઉકેલે છે પરંતુ કેબલ તસ્કરીમાં પોલીસના હાથ ટૂંકા પડી રહ્યા છે. તાજેતરમાં ભિલોડા તાલુકાના મલાસા ગામની સીમમાંથી પસાર થતી ૧૧ કે.વી. હેવી વિજલાઈનને કેબલ ચોરોએ નિશાન બનાવી હતી જેમાં કુલ-૧૬૨૫ મીટર કેબલ તસ્કરો કાપી પલાયન થઈ ગયા હતા. એક જ સ્થળેથી કેબલ ચોર લાખો રૂપિયાનું એલ્યુમીનીયમ કેબલ ચોરી જતાં વિજ તંત્રના અધિકારીઓ દોડતા થયા છે. બનાવ અંગે રમેશ પૂંજાભાઈ અસારીની ફરિયાદના આધારે ભિલોડા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

જન્મદિને વધામણી

ડા.મહેન્દ્રભાઈ એસ. પટેલ
(પૂર્વ ધારાસભ્ય-બાયડ)
(સંજીવની હોસ્પિટલ-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી

અશ્વિનભાઈ આર. પટેલ
(પ્રિન્સીપાલ : બોરલ હાઈસ્કુલ)
ધનસુરા, જિ.અરવલ્લી

રસિકભાઈ કે. પટેલ
(વૃંદાવન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

ભાવિન વસંતભાઈ શાહ
વડોદરા (આકરૂન્દ)

હર્ષ ચૌધરી
બાયડ, જિ.અરવલ્લી

આરવ કુણાલકુમાર પટેલ
(વ્રજગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

શિવનીશ ઈશાનકુમાર પટેલ
(વ્રજગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

શિવાની ઈશાનકુમાર પટેલ
(વ્રજગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

રાજ દેવેન્દ્ર(ગોપાલ) પટેલ
બાયડ (મેલબોર્ન-ઓસ્ટ્રેલિયા)

ઘરમાં રહો, સુરક્ષિત રહો

ધનસુરા તાલુકાના કેનપુર કંપા શાળાના શિક્ષિકાની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી

મોડાસા, તા. ૨

ધનસુરા તાલુકાના કેનપુર કંપા પ્રાથમિક શાળાના શિક્ષિકા ભાવનાબેન પ્રેમજીભાઈ પટેલ ની તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષિકા તરીકે પસંદગી થઈ છે શાળામાં વિવિધ પ્રકારની કામગીરીને ધ્યાને લઈ

શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે તાલુકા,જિલ્લા અને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો ની પારિતોષિક માટે પસંદગી થાય છે તેમાં વર્ષ-૨૦૨૧ માટે ધનસુરા તાલુકાની કેનપુર કંપા પ્રાથમિક શાળાના શિક્ષિકા ભાવનાબેન પ્રેમજીભાઈ પટેલની તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષિકા તરીકે પસંદગી થઈ છે તેઓ એ લોકડાઉન માં પણ શેરી શિક્ષણ નું નિયમિત કાર્ય ચાલુ રાખી શાળા બંધ છે પણ શિક્ષણ નહીં તે સુત્રને સાર્થક કર્યું હતું તેમ નો પ્રજ્ઞાવર્ગ એકદમ જીવંત છે ૧૦૦ થી૧૨૫ જેટલા ટી.એલ.એમ નું જાતે નિર્માણ કરી બાળકોને અલગ અલગ પદ્ધતિથી તેમજ નવતર પ્રયોગો અને રમતો દ્વારા શિક્ષણ આપી સરળતાથી બાળક સમજી શકે તેવા હંમેશા પ્રયત્નો કરે છે શિક્ષક ભાવનાબેન પટેલ નું ૫ મી સપ્ટેમ્બર શિક્ષકદિનના દિવસે સન્માન કરવામાં આવશે.

સરડોઈના ફળીયાંઓમાં રાત્રે અંધારાં, જાહેર માર્ગો ઉપર ધોળા દિવસે અજવાળાં

જ્યાં જરૂર છે ત્યાં અજવાળું નથી અને જ્યાં જરૂર નથી ત્યાં દિવસે લાઈટ

સરડોઈ, તા.૦૨

મોડાસા તાલુકાના સરડોઈમાં દિવાતળે અંધારા જેવો ઘાટ છેલ્લા કેટલાક સમયથી જોવા મળી રહ્યો છે. ગામના અનેક ફળીયાઓમાં રાત્રે સ્ટ્રીટ લાઈટોના અભાવે અંધારાં જોવા મળી રહ્યાં છે. જાહેર માર્ગો ઉપર ધોળા દિવસે વીજળીના ગોળા ઝળહળતા દેખાઈ રહ્યા છે. વારંવાર રહીશો દ્વારા ગ્રામ પંચાયતમાં સ્ટ્રીટલાઈટનો બલ્બ નાખવા માટે રજૂઆતો કરવામાં આવે છે પરંતુ જવાબદારો એકબીજાને ખો આપી રહ્યા છે.

અરવલ્લીના સરડોઈનો વિકસિત ગામોમાં સમાવેશ કરવામાં આવ્યો પરંતુ સ્થાનિક પ્રજા અનેક અગવડતાઓમાં સબડી રહી છે. ચોક્કસ વિસ્તારોમાં વિકાસ દેખાઈ રહ્યો છે. જ્યારે અન્ય ફળીયા તેમજ મહોલ્લાઓ પાકા રસ્તાની સુવિધાથી વંચિત છે. જ્યારે છેલ્લા કેટલાક સમયથી તો સ્ટ્રીટ લાઈટોના બલ્બ રાત્રે ઝળહળતા ન હોવાથી પ્રજા અંધારે અથડાતી હોય છે. જાહેર માર્ગો ઉપર દિવસે સ્ટ્રીટ લાઈટો ઝળહળી રહી છે. જ્યારે મોટાભાગના ફળીયાઓમાં સ્ટ્રીટલાઈટો શોભાના ગાંઠીયારૂપ બની જતી હોય છે. સ્ટ્રીટ લાઈટો મુદ્દે સ્થાનિક રહીશો દ્વારા ગ્રામ પંચાયતમાં રજૂઆત કરવા છતાં બલ્બ નાંખવામાં આવતા નથી. જેથી રહેણાંક વિસ્તારોમાં ચોમાસાની સીઝનમાં ઝેરી સર્પ તેમજ તસ્કરોનો ભય પ્રજાને સતાવી રહ્યો છે.

ઓલ ઈન્ડિયા રિસર્ચ રાઈટિંગ કોમ્પિટિશન-૨૦૨૧ : ગુજરાતના શિક્ષકે દ્વિતીય ક્રમે ઈનામ મેળવી ગૌરવ અપાવ્યું

હિંમતનગર, તા. ૨

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ આયોજિત ઓલ ઈન્ડિયા રિસર્ચ પેપર રાઈટિંગ કોમ્પિટિશન-૨૦૨૧માં સમગ્ર ભારતમાંથી એન્ટ્રી મંગાવવામાં આવી હતી. રાષ્ટ્રીય કક્ષાની આ રિસર્ચ પેપર કોમ્પિટિશનમાં

ગુજરાતના એક હજારથી વધુ શિક્ષકો દ્વારા રજિસ્ટ્રેશન કરાવી ભાગ લેવામાં આવ્યો હતો. અખિલ ભારતીય આ સ્પર્ધાનું પરિણામ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી. સિંઘલજી દ્વારા જાહેર કરવામાં આવ્યું. જેમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની જૈનાચાર્ય આનંદધનસુરી વિદ્યાલયના શિક્ષક મિતેષ ભાનુભાઈ ભટ્ટ દ્વારા રજૂ કરેલ 'હોલિએસ્ટિક ડેવલપમેન્ટ ઑફ ચિલ્ડ્રનઃ રોલ ઓફ મધર ટન્ગ' રીસર્ચ પેપરને સમગ્ર ભારતમાં દ્વિતીય ક્રમાંક મળેલ છે. આસિદ્ધિ બદલ તેઓને પ્રમાણપત્ર તથા રૂપિયા ૧૫૦૦૦નુ રોકડ પુરસ્કાર મળશે. ગુજરાત રાજ્યના શિક્ષકના રિસર્ચ પેપરની અખિલ ભારતીય કક્ષાએ પસંદગી થતા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગુજરાતના હોદ્દેદારશ્રી તથા કાર્યકર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ધનસુરા કૉલેજમાં વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન

ધનસુરા, તા. ૨

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,ધનસુરામાં બી.એ., બી.કોમ sem-1 વર્ષ ૨૦૨૧-૨૨માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ ને સંસ્થામાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ જેવી કે એન.એસ.એસ, સમધારા, ઉદીશા ,ફિનિશીંગ સ્કૂલ, વિમેન્સ ડેવલોપમેન્ટ સ્કૂલ, કોલેજ આંતરિક પરીક્ષાઓ વિશેની માહિતી સંબધિત અધ્યાપકશ્રીઓ દ્વારા આપવામાં આવી હતી, દરેક અધ્યપકો એ તથા વહીવટી સ્ટાફમિત્રોએ પોતાનો પરિચય આપી વિદ્યાર્થીઓ ને મદદરૂપ થવા જણાવ્યું હતું, પ્રિ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટે વિદ્યાર્થીઓ ને આવકારી તેમના સર્વાંગી વિકાસ માટે વિદ્યાર્થીઓ એ પ્રયત્નશીલ બનાવા જણાવ્યું હતું, ધનસુરા પ્રદેશ એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખ શ્રી ગોપાલભાઈ ઠેકડી ખાસ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા,ઓરીએન્ટેશન પ્રોગ્રામ નું સંચાલન ડો.પારુલ બેન સોની, પ્રા. દીપ્તિ બેન નિમાવત, ડો.ગોપાલ ભાઈ પટેલે કર્યું હતું, સમગ્ર કોલેજ પરિવાર ઉત્સાહભેર આ કાર્યક્રમમાં સહભાગી બન્યો હતો.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ધનસુરા દ્વારા માસ્ક વિતરણ

ધનસુરા, તા. ૨

જન્માષ્ટમીના પાવન પ્રસંગે ધનસુરાના દેવિયા મહાદેવ ખાતે બાર જ્યોતિર્લિંગની પૂજન વિધિમાં ઈન્ડિયન રેડક્રોસ ધનસુરા શાખા મારફતે હોદ્દેદારો દ્વારા રામજી મંદિરના મહંત પૂરણશરણદાસજીના આશીર્વાદ હેઠળ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું જિલ્લા ચેરમેન ભરતભાઈ પરમારે તાલુકાની પ્રવૃત્તિને બિરદાવી હતી.

જુના ડીસા હાઈસ્કૂલ ખાતે મેલેરિયા નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઈ

ડીસા, તા. ૨

રાજ્ય સરકાર દ્વારા મેલેરીયા નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ તથા શિક્ષકોની જાગૃતિ સંદર્ભે ડી.જે.એન મહેતા હાઈસ્કુલ જુનાડીસા ખાતે શાળાના ગુરુજી અંકુરભાઈ મકવાણા ના માર્ગદર્શન હેઠળ ચિત્ર સ્પર્ધા યોજાઈ જેમાં કુલ ૪૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, પ્રથમ નંબર પુનડીયા તરુણ કિશનભાઈ દ્વિતીય નંબર ઠાકોર આશા મેતાબજી અને તૃતિય નંબર જોષી જાનવી જગદીશભાઈ એ મેળવેલ છે તમામ વિદ્યાર્થીઓને શાળા ના આચાર્ય પી.વી મહેતા તથા ગુરૂજીઓ એ ખુબ ખુબ અભિનંદન પાઠવી ને ઉત્તરોત્તર પ્રગતિ નાં આશીર્વાદ આપ્યા હતા.

ડીસા મામલતદાર કચેરી રોડ પર વૃક્ષ ધરાસાઈ થતાં અફરાતફરી

ડીસા, તા. ૨

ડીસામાં મંગળવારે સાંજના સુમારે અચાનક પવન સાથે તોફાની વરસાદ પડ્યો હતો. જેમાં મામલતદાર રોડ ઉપર એક જૂનું અને સુકાયેલું વૃક્ષ પવન સાથે ધરાશાયી થયું હતું .જેથી આ વૃક્ષ નજીકમાં પાર્ક કરાયેલી ઈકો ગાડી પર પડતાં ઈકો ગાડીને મોટું નુકસાન થવા પામ્યું હતું અચાનક ધડાકા

સાથે વૃક્ષ ધરાશાયી થતા ભારે અફરાતફરી મચી જવા પામી હતી જોકે લાંબા વિરામ બાદ વરસાદી માહોલ વચ્ચે અચાનક વૃક્ષ ધરાશાયી થઈ જતા થોડા સમય માટે વાહન વ્યવહાર પણ રોકી દેવામાં આવ્યો હતો જોકે બાદમાં પાલિકા દ્વારા આ વૃક્ષ હટાવી વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો

એક નજર ઈધર ભી !

પ્રાંતિજ જુની મામલતદાર કચેરી સામે આવેલ ક્વાર્ટર્સ વગર ઉપયોગે ખંડેર હાલતમાં

મત્સ્યોદ્યોગ દ્વારા બનાવેલ ક્વાર્ટર્સ વગર ઉપયોગે ખંડેર બન્યા લોકો ઘાસચારો, સરસામાન અને બકરાં બાધે છે

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાનીભાગોળ જુની મામલતદાર કચેરી ની સામે વિસ્તારમાં આવેલ જુની મામલતદાર કચેરી સામે મત્સ્યોદ્યોગ દ્વારા જેતે સમયે બનાવવામા આવેલ

ની બાજુ મા જેતે સમયે મત્સ્યોદ્યોગ દ્વારા બનાવવામા આવેલ કાર્ટસો ઉપયોગ વગર ખંડેર બન્યા તો લોકો બકરા બાધી પશુ ઘાસ ચારો ભરે છે અને સર સામાન મુકેછે તો અસામાજિક તત્વો નો અડ્ડો બન્યો તો જવાબદાર તંત્ર લાખ્ખો રૂપિયા ખર્ચ બાદ પણ પાછુ વળીને સામેના જોતા હાલતો પડયા પડયા આ કાર્ટસો ખંડેર થઈ ગયા અને પડાપડી થઈ રહ્યા છે

પ્રાંતિજ નાની ભાગોળ કાર્ટસો વગર ઉપયોગ થયેલ ખંડેર હાલત મા પડયા છે



અને લાખ્ખો રૂપિયા નો ખર્ચ કરી કાર્ટસો મા કોઇ રહેવા ના જતા હાલતો પડે પડે ધુળ ખાઈ પડુ પડુ થઈ રહ્યા છે તો અહી આવેલ કાર્ટસો માં લોકો ઘાસચારો ભરી રહ્યા છે અને બહાર બકરીઓ બાધી રહ્યા છે તો ટુટયો ફુટયો વધનો સર સામાન પણ અહી મુકતા જોવા મલ્યા છે ત્યારે લાખો રૂપિયા ના ખર્ચે તૈયાર થયેલ કાર્ટસો હાલતો કોઇ રણીધણી ના હોય તેમ વગર વપરાશે પડુ પડુ થઈ રહ્યા છે ત્યારે મત્સ્યોદ્યોગ દ્વારા હાલતો આ કાર્ટસો પ્રાંન્ત કચેરી ને થોડા સમય પહેલા સુપ્રત કરવામા આવ્યુ હોવાનુ સુત્રો દ્વારા જાણવા મલ્યુ છે.

બોરલ ગામનું ગૌરવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

બાયડ તાલુકાના બોરલ ગામના મહેન્દ્રભાઈ દિનેશભાઈ પરમારના પુત્ર જીગર પરમારની ઔદ્યોગિક તાલીમ સંસ્થા-ગોધરામાં સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર તરીકે મેરીટના આધારે પસંદગી થતાં બોરલ ગામ તેમજ પરમાર પરિવારમાં ખુશાલી જોવા મળી છે.

અવસાન નોંધ..

બાયડ : મેઘરજ તાલુકાના લીંભોઈ ગામના રવિકુમાર જશવંતભાઈ દરજીનું દુ:ખદ નિધન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું આજે તા.૩ સપ્ટેમ્બર, શુક્રવારે સવારે ૯-૦૦ થી ૨-૦૦ તેમના નિવાસસ્થાન લીંભોઈ, તા.મેઘરજ ખાતે રાખેલ છે.